ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૪/૨૨-૨૩/ 2088 તારીખ : 27 JUN 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભાનુશંકર સુખદેવભાઈ ભટ્ટ,**
**મું.રાળગોન, પો.ઠળીયા,**
**તા.તળાજા,**
**જી. ભાવનગર.**

કેસ નં.૦૪/૨૨-૨૩

**મો.નં - ૯૯૧૩૧ ૦૪૫૩૬**

**વિષય : મોટી રકમનું વિજ બિલ રદ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૭/૪/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૨/૪/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૨-૨૩/૧૨૪૯ તા.૧૮/૦૪/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૨-૨૩/૧૭૯૦ તા.૦૩/૦૬/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૩/૦૬/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બગદાણા.**

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૪/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી ભાનુશંકર સુખદેવભાઈ ભટ્ટ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૩/૦૬/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી ભાનુશંકર સુખદેવભાઈ ભટ્ટ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર,કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા,**
**શ્રી બી.આર.સેંતા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, બગદાણા તથા**
**શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.એકા., વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભાનુશંકર સુખદેવભાઈ ભટ્ટ, મું.રાળગોન, પો.ઠળીયા, તા.તળાજા, જી.ભાવનગરની મોટી રકમનું વિજ બિલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૪/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૨–૨૩/૧૨૪૯ તા.૧૮/૦૪/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૩/૦૬/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ભાનુશંકર સુખદેવભાઈ ભટ્ટ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર,કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા, તથા શ્રી બી.આર.સેંતા, નાયબ ઈજનેર,પેટા વિભાગીય કચેરી, બગદાણા તથા શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.એકા., વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો શ્રી ભાનુશંકર સુખદેવભાઈ ભટ્ટ, મું.રાળગોન, પો.ઠળીયા, તા.તળાજા, જી.ભાવનગર રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમો સદર સ્થળ પર ઘરવપરાશનું સીગલ ફેઈઝ કનેકશન ધરાવીએ છીએ. અમારો ગ્રાહક નં–૮૯૨૦૪/૦૦૩૧૩/૮ છે. જેનો મીટર નં.PGST-04591708 છે.

૧.૩ સદર વિજ જોડાણના લાઈટ બિલ કોઈ કારણસર વધારે વપરાશનું આપેલ હતું. જેમાં અગાઉના સમયે જે તે વખતે મીટર બદલવાથી બીજી રીતે બાકી નીકળતી રકમ મુજબ અમોને રૂા.૮૮,૫૫૮/૬૭ બિલ આપેલ. સદર મીટર વધારે યુનિટ ફરેલ હોય તથા અન્ય કોઈ ટેકનીકલ ખામીને કારણે આટલી મોટી રકમનું બિલ આપવામાં આવેલ હતું.

૧.૪ જેથી અમોએ સદર રકમ વાંધા સાથે રૂા.૮૯,૩૫૦/– પહોંચ નં–૪૦૮૭૯૪ તા.૩૧/૩/૨૦૨૨ ના રોજ બગદાણા પેટા વિભાગીય કચેરીમાં વાંધા સાથે ભરેલ છે.

૧.૫ સદર બાબતે ઝીણવટ થી તપાસ કરી અમોને યોગ્ય ન્યાય આપવાનો હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહકનું નામ – શ્રી ભાનુશંકર સુખદેવભાઈ ભટ્ટ

ગ્રાહક નં – ૮૯૨૦૪/૦૦૩૧૩/૮

કેટેગરી – RGPR/0.5

રીલીઝ તારીખ – ૨૫/૧૨/૨૦૧૩

૨.૨ વાદીનું ઘર વપરાશનું વિજ કનેકશન તા.૨૫/૧૨/૨૦૧૩ ના રોજ રીલીઝ કરેલ છે ત્યારે તેમના વિજ કનેકશન નો મીટર નં–PGST-01927478 હતો.

૨.૩ વાદી દ્વારા જણાવ્યા અનુસાર જયારે કુદરતી વાવાઝોડું આવેલ ત્યારે તેમના વિજ કનેકશન ના તાર પર ઝાડ પડેલ હતું જેથી તેમનું જુનું મીટર ઉતારી ગયેલ અને નવું મીટર લગાવેલ.

૨.૪ વાદીનું જુનું મીટર PGST-01927478 તા.૧/૧૦/૨૦૨૦ ના રોજ બદલાવેલ અને નવું મીટર લગાવેલ જેનો મીટર નં–PGST-04591708 છે. પ્રફોર્મા–૧૫ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૫ વાદીનું જુનું મીટર મહુવા લેબમાં તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ લેબ તપાસણી કરેલ અને લેબમાં સદર મીટર ની તપાસણી કરતા સદર મીટર બરાબર છે અને ૧૫,૬૮૨ યુનિટ આવેલ છે. લેબ રીપોર્ટ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૬ સદર લેબ રીપોર્ટ મુજબ વાદીના લેજરમાં ૧૦,૬૭૧ યુનિટ (૧૫૬૮૨–૫૦૧૧) ની રૂા.૭૭,૭૭૪/૫૮ ની ડેબીટ તા.૨/૬/૨૦૨૧ ના રોજ ભરેલ હતી.

૨.૭ ત્યારબાદ, વાદીને તા.૧૫/૬/૨૦૨૧ ના રોજ બિલ આપવામાં આવેલ ત્યારે રનીંગ બિલ સાથે કુલ એરીયર્સ રૂા.૮૧,૫૫૯/– હતું.

૨.૮ વાદી દ્વારા સદર બિલ ભરપાઈ ના કરતા પેટા વિભાગીય બગદાણા દ્વારા વાદીને સદર બિલ ભરવા બાબતે તા.૧૦/૧/૨૦૨૨ ના રોજ નોટીસ આપેલ હતી.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૯ ત્યારબાદ, વાદી દ્વારા સદર રકમ રૂા.૮૯,૩૫૦/– તા.૩૧/૩/૨૦૨૨ ના રોજ વાંધા સાથે ભરી આપેલ છે.

૨.૧૦ આમ, વાદીને લેબ રીપોર્ટ મુજબ આપવામાં આવેલ બિલ યોગ્ય છે અને જે ભરવાપાત્ર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી ભાનુશંકર સુખદેવભાઈ ભટ્ટભ મું. રાળગોન, તા.તળાજા, દ્વારા તેમના ઘર વપરાશના વિજ કનેકશન નં–૮૯૨૦૪/૦૦૩૧૩/૮ માં એવરેજ ૩૦૦૦ – ૬૦૦૦ ના વિજ બિલ ની સામે પ્રતિવાદી ની બગદાણા પેટા વિભાગીય કચેરી દ્વારા જુન–જુલાઈ–૨૦૨૧ નું રૂા.૮૩,૪૦૮/– ની મોટી રકમનું બિલ આપવા સામે તકરાર બાબતે ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન પ્રતિવાદી દ્વારા ગ્રાહકના ખાતાની લેજર શીટ, કન્ઝમ્પશન ડીટેઈલ; લેબ રીપોર્ટ, પીઆરટી–૧૪૫, વગેરે દસ્તાવેજો રજૂ કરેલ છે. જેની ચકાસણી કરતા જણાય છે કે, વાદીનું જુનું મીટર તા.૧/૧૦/૨૦૨૦ ના રોજ બદલાવેલ તથા તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ લેબ ચકાસણી દરમ્યાન છેલ્લા રીડીંગ ૧૫,૬૮૨ હતા અને મીટર બરાબર માલૂમ પડેલ.

૩.૩ મીટર ના છેલ્લા રીડીંગ ૧૫,૬૮૨ હોવા છતાં, પ્રતિવાદીની કચેરી દ્વારા ફેબ્રુ–૨૦૨૦ ના વિજ બિલમાં છેલ્લા રીડીંગ ૧૫,૬૮૨ ગણવાને બદલે ૪૬૧૧ યુનિટ દર્શાવેલ. જેના કારણે વાદીને તફાવતનું બિલ (૧૩,૮૨૦ – ૪૬૧૧) = ૯૨૦૯ યુનિટ નું બિલ બનવા પામેલ. જે ખરેખર (૧૫,૬૮૨– ૧૩,૮૨૦) = ૧૮૬૨ યુનિટ નું જ બનવાપાત્ર હતું.

આમ, ૮૮,૯૨૯ યુનિટની રકમનું વધારે બિલની રકમ પ્રતિવાદી દ્વારા ગ્રાહક ના ખાતામાં ઉધારેલ છે. જે વસુલવા પાત્ર નથી.

૩.૪ પ્રતિવાદીની કચેરી દ્વારા માહે એપ્રિલ–૨૦૨૦, જુન–૨૦૨૦, તથા ઓગષ્ટ–૨૦૨૦ ના અનુક્રમે ૩૨૦, ૭૦, ૩૩૦ યુનિટના "N" સ્ટેટસ બિલ બનાવેલ છે. જયારે કે નવા મીટરનો વપરાશ નું બિલ ડિસે–૨૦૨૦ માં ૩૨૦ યુનિટ નું વપરાશનું બિલ આપેલ છે. આમ, એપ્રિલ–૨૦૨૦, જુન–૨૦૨૦, તથા ઓગષ્ટ–૨૦૨૦ ના ઉધારેલ ૩૨૦+૭૦+ ૩૩૦ = ૭૨૦ યુનિટના બિલ થતી રકમ જમા આપવાપાત્ર બને છે.

૩.૫ ઉપરોકત તારણ ૩.૩ અને ૩.૪ ને ઘ્યાને લેતા, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી ફેબ્રુ–૨૦૨૦ ના બિલ પેટે ૧૮૬૨ યુનિટ નું બિલ વસુલવા હકકદાર રહેતા તે સિવાયના ફેબ્રુ–૨૦૨૦, એપ્રિલ–૨૦૨૦, જુન–૨૦૨૦, તથા ઓગષ્ટ–૨૦૨૦ ના બિલ રદ કરવા પાત્ર છે. જેના યુનિટ તેમજ રકમ વાદીના ખાતામાં મજરે જમા આપવા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

સવિશેષ પ્રતિવાદી દ્વારા વસુલવા પાત્ર રકમ સિવાયની રકમ પર વસુલેલ વિલંબીત ચૂકવણી ચાર્જ (DPC) જે ઉઘારેલ હોય, તે રકમ પણ વાદી ના ખાતામાં મજરે જમા આપવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૧૩/૦૬/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar